
Saturday
10.09.2022
*Volume :7 * Issue No.39
*Email.: kamalamgujarat@gmail.com
*www.kamalam gujarat.com
*Editor :Mahesh N. Patel:- (98249 10606)



ગતિશીલ ગુજરાત ની વિકાસ ગાથા રજૂ કરતું એકમાત્ર અખબાર...

# કમલમ્

ગાંધીનગર થી પ્રસિદ્ધ થતું દૈનિક
KAMALAM Daily

RNI No.:GUJGUJ/2016/73451
PRINTED MATTER

To,

*Managing Editor: Arjun Sondarva *Office: A-3, Plot No. R - 13, Tanishq Complex, New Greencity, Sector-26, Gandhinagar (Gujarat) 382028 *Page :04*Rs. 00.25/- *Annual Rs. 90/-

**પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીનાં નેતૃત્વમાં દેશ આઝાદી કા અમૃત મહોત્સવની ઉજવણી કરી રહ્યો છે અને તેમણે આ તહેવારને માત્ર સ્વતંત્રતા સાથે જ નથી જોડ્યો, પરંતુ તેને બહુઆયામી પણ બનાવ્યો છે**

### શ્રી નરેન્દ્ર મોદીનાં નેતૃત્વમાં દેશને નવી દિશા અને ઊર્જા મળી છે અને ભારતે આઠ વર્ષમાં અનેક ક્ષેત્રોમાં અભૂતપૂર્વ પ્રગતિ કરી છે

# કેન્દ્રીય ગૃહ અને સહકારિતા મંત્રી શ્રી અમિત શાહે નવી દિલ્હીમાં ફિટ ઈન્ડિયા ફ્રીડમ રાઈડર બાઈકર રેલીને લીલી ઝંડી આપી

**આ વર્ષે ૧૫ ઓગસ્ટના રોજ સમાજના દરેક વર્ગના લોકો હર ઘરઘર તિરંગા અભિયાનમાં જોડાયા હતા અને લોકોની દેશભક્તિની ભાવનાએ દર્શાવ્યું કે શ્રી નરેન્દ્ર મોદી આઝાદી કા અમૃત મહોત્સવને જન જન સુધી પહોંચાડવામાં સફળ રહ્યા છે**

## આઝાદીના અમૃત મહોત્સવ અંતર્ગત આ કાર્યક્રમમાં આજે ૭૫ મોટર સાયકલો પર ૧૦ મહિલાઓ સહિત ૧૨૦ વ્યક્તિઓ ૭૫ દિવસના દેશવ્યાપી પ્રવાસ પર આગળ વધી રહ્યા છે

કમલમ્ ન્યુઝ,

કેન્દ્રીય ગૃહ અને સહકારિતા મંત્રી શ્રી અમિત શાહે આજે નવી દિલ્હીમાં 'ફિટ ઈન્ડિયા ફ્રીડમ રાઈડર બાઈકર રેલી'ને લીલી ઝંડી આપી હતી. આ પ્રસંગે ગૃહ અને રમતગમત તથા યુવા બાબતોના રાજ્ય મંત્રી શ્રી નિશિથ પ્રામાણિક તથા સાંસ્કૃતિક અને વિદેશ રાજ્ય મંત્રી શ્રીમતી મીનાક્ષીલેખી સહિતના મહાનુભાવો ઉપસ્થિત રહ્યાં હતાં. પોતાનાં સંબોધનમાં શ્રી અમિત શાહે જણાવ્યું હતું કે, પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીનાં નેતૃત્વમાં દેશ આઝાદી કા અમૃત મહોત્સવ ઉજવી રહ્યો છે અને શ્રી મોદીએ આ અમૃત મહોત્સવને આઝાદી સાથે જોડવાની સાથે તેને બહુઆયામી પણ બનાવ્યો છે. આ પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીની નવી અને બહુઆયામી વિચારસરણી દર્શાવે છે. તેમણે કહ્યું હતું કે, જ્યારે પ્રધાનમંત્રીએ આઝાદી કા અમૃત મહોત્સવની ઉજવણીનો વિચાર રાષ્ટ્રની સમક્ષ મૂકયો હતો, ત્યારે કોણે વિચાર્યું હશે કે, આ મહોત્સવની આટલી મોટી અસર થશે. પરંતુ, આ વર્ષે ૧૫ ઑગસ્ટના રોજ કાશ્મીરથી કન્યાકુમારી અને દ્વારકાથી લઈને કામાખ્યા સુધી, હર ઘર તિરંગા અભિયાનમાં સમાજના દરેક વર્ગના લોકો જોડાયા અને દેશભક્તિની જે ભાવના દેખાઈ રહી હતી તે દર્શાવે છે કે શ્રી નરેન્દ્ર મોદી અમૃત મહોત્સવને જનસમૂહ સુધી પહોંચાડવામાં સફળ રહ્યા છે. આઝાદી કા અમૃત મહોત્સવ માટે પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીએ ત્રણ લક્ષ્યો આપ્યાં છે. પહેલું, નવી પેઢી, યુવાનો, તરુણો અને બાળકોને લાંબા અને કઠિન સ્વાતંત્ર્ય સંગ્રામથી પરિચિત કરવા. ૧૮૫૭થી ૧૯૪૭ સુધી જાણ્યે-અજાણ્યે લાખો શહીદોએ દેશની આઝાદીની ૯૦ વર્ષની લડતમાં પોતાનું સર્વોચ્ચ બલિદાન આપ્યું હતું. આપણી નવી પેઢીને તેમનાં બલિદાનથી પરિચિત કરવી અને દેશ પ્રત્યે સમર્પણની ભાવના કેળવવી, જે આપણા સ્વાતંત્ર્ય સેનાનીઓનાં મનમાં હતી. તેમનું બીજું લક્ષ્ય ૭૫ વર્ષમાં આપણા દેશ દ્વારા પ્રાપ્ત થયેલી સિદ્ધિઓ વિશે ગૌરવની ભાવના ઉભી કરવાનું છે. ત્રીજું લક્ષ્ય છે, ૨૦૪૭માં ભારત માટેનાં લક્ષ્યો નક્કી કર્યા પછી જ્યારે આપણે આપણી આઝાદીનાં શતાબ્દી વર્ષની ઉજવણી કરવાના છીએ, ત્યારે આપણે ૨૫ વર્ષના આ 'અમૃત કાલ'માં ભારતની યાત્રાનો માર્ગ નિર્ધારિત કરવાનો છે. પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીએ નક્કી કરેલો અમૃત કાલનો આ સમયગાળો દરેક ભારતીયનાં મનમાં એક નવી ભાવના અને સાહસનું સર્જન કરી રહ્યો છે કે, તે સમયે જ્યારે આઝાદીની શતાબ્દીની ઉજવણી થશે, ત્યારે ભારત દરેક ક્ષેત્રમાં સૌથી શ્રેષ્ઠ બની રહેશે. આ જ લક્ષ્ય સાથે ૧૩૦ કરોડ દેશવાસીઓ ભારતને મહાન બનાવવા માટે એક યાત્રા પર નીકળ્યા છે. કેન્દ્રીય ગૃહ પ્રધાને કહ્યું કે દેશભક્તિની લહેર 'હર ઘર તિરંગા અભિયાન' દરમિયાન અનુભવાઈ હતી, જેનો અનુભવ ભાગ્યે જ કોઈ દેશે કર્યો હશે. દરેક ઘર, વાહન, સ્મારક પર તિરંગો ફરકાવવામાં આવ્યો હતો અને લોકો તિરંગો લહેરાવતી વખતે ગર્વથી તેમના ફોટા અપલોડ કરી રહ્યા હતા. તે લોકોમાં પ્રેમ અને દેશભક્તિ દર્શાવે છે. આઝાદી કા અમૃત મહોત્સવ અંતર્ગત આજે ૧૦ મહિલાઓ સહિત ૧૨૦ લોકો ૭૫ મોટર સાઈકલ પર ૭૫ દિવસ સુધી દેશના પ્રવાસે જઈ રહ્યા છે. આ મોટર સાયકલ સવારો છ આંતરરાષ્ટ્રીય સરહદો સહિત ૩૪ રાજ્યો અને કેન્દ્ર શાસિત પ્રદેશોમાં પ્રવાસ કરશે, ૨૫૦થી વધુ જિલ્લાઓની મુસાફરી કરશે અને ૭૫ દિવસમાં ૧૮,૦૦૦ કિ.મી.નું લાંબું અંતર કાપશે, ૭૫ મહત્વપૂર્ણ સ્થળોએ આઝાદી કા અમૃત મહોત્સવને પ્રોત્સાહન આપશે અને રાષ્ટ્રીય રાજધાની પરત ફરશે. આ પ્રયાસ રાષ્ટ્રીય એકતાને મજબૂત કરવામાં અને આઝાદી કા અમૃત મહોત્સવના ઉદ્દેશોને લોકો સુધી પહોંચાડવામાં ચોક્કસપણે સફળ સાબિત થશે. આ યાત્રા યુવાનોને 'ફિટ ઈન્ડિયા'નો સંદેશ આપવામાં પણ સફળ રહેશે. ફ્રીડમ મોટર રાઈડર્સ વિવિધતામાં એકતાનો સંદેશ દેશમાં પહોંચાડશે અને આ યુવાનો જે રાજ્યો કે શહેરોની મુલાકાત લેવાના છે ત્યાં નાની-નાની બાઈક રેલી કાઢી યુવાનો સાથે જોડાશે. હજારો યુવાનોને આ કાર્યક્રમ સાથે જોડવાનો સરાહનીય પ્રયાસ કરવામાં આવ્યો છે. જ્યારે તેઓ ૨૪ નવેમ્બરે દિલ્હી પાછા ફરશે, ત્યારે યુવાનો સુધી એક નવી ઉર્જા ચોક્કસ પહોંચશે. ૧૮,૦૦૦ કિ.મી.નો પ્રવાસ કરીને અને વિવિધ ભાષાઓ, આહાર અને વસ્ત્રોના સંપર્કમાં આવ્યા બાદ દેશને જાણ્યા પછી આ તમામ મોટર સાઈકલ સવારોનું જીવન પણ બદલાઈ જશે. શ્રી અમિત શાહે જણાવ્યું હતું કે, ૧૮,૦૦૦ કિલોમીટરની આ યાત્રાથી અસંખ્ય અપ્રસિદ્ધ શહીદોની અમર ગાથાને પુનઃજીવિત કરવામાં આવશે તેમજ યુવાનોમાં દેશભક્તિની ભાવનાનું સિંચન થશે. તેમણે ઉમેર્યું કે, પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીએ વસાહતીકરણનાં પ્રતીકને દૂર કરીને 'કર્તવ્ય માર્ગ' દેશને સમર્પિત કર્યો હતો. તેમણે કહ્યું હતું કે, આ યાત્રાથી દરેક નાગરિકનાં મનમાં ફરજ પ્રત્યે જાગૃતિ પણ આવશે. શ્રી શાહે જણાવ્યું હતું કે, પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીએ ગઈકાલે તેમનાં ભાષણમાં કહ્યું હતું કે, ૧૩૦ કરોડ નાગરિકોના તેમની ફરજો પ્રત્યેના સમર્પણભાવ થકી જ નવા ભારતનું નિર્માણ થઈ શકે છે. એક રીતે અધિકારો કર્તવ્યોમાંથી જન્મે છે અને જ્યારે આપણે આપણી ફરજોનું પાલન કરીએ છીએ, ત્યારે તે જ ક્ષણે આપણે બીજાના અધિકારોને પણ પરિપૂર્ણ કરીએ છીએ. અધિકારોને પરિપૂર્ણ કરવાનો શ્રેષ્ઠ માર્ગ એ છે કે, દરેક વ્યક્તિએ પોતાની ફરજો અદા કરવી જોઈએ અને જ્યારે ૧૩૦ કરોડ લોકો દેશભક્તિની ભાવનાની પોતાની બંધારણીય ફરજો અદા કરે છે, ત્યારે રાષ્ટ્રને પ્રગતિ કરતા કોઈ રોકી શકતું નથી. કેન્દ્રીય ગૃહ મંત્રીએ કહ્યું કે શ્રી નરેન્દ્ર મોદીનાં નેતૃત્વમાં દેશને એક નવી દિશા અને ઊર્જા મળી છે અને જેની કલ્પનાપણ ન કરી શકાય એવાં ઘણાં ક્ષેત્રોમાં, છેલ્લાં ૮ વર્ષમાં દેશે પ્રગતિ હાંસલ કરી છે. તેમણે કહ્યું હતું કે, આઠ વર્ષ અગાઉ ભારત ૧૧મું સૌથી મોટું અર્થતંત્ર હતું અને છેલ્લાં આઠ વર્ષમાં જ ૧૧મા સ્થાનેથી અત્યારે તેને પાંચમું સૌથી મોટું વૈશ્વિક અર્થતંત્ર બનવાનું સૌભાગ્ય મળ્યું છે. તેમણે કહ્યું હતું કે, પ્રધાનમંત્રીએ ચીંધેલા માર્ગ અને તેમણે દેશની પ્રગતિ માટે જે માર્ગ ચીંધવાનો પ્રયાસ કર્યો છે, તેને અનુસરીને આઝાદીનાં શતાબ્દી વર્ષમાં આ માર્ગ આપણને દુનિયામાં સર્વોચ્ચ સ્થાન પર લઈ જશે.




**આ મોટરસાયકલ સવારો આઝાદી કા અમૃત મહોત્સવને પ્રોત્સાહન આપવા માટે છ આંતરરાષ્ટ્રીય સરહદો સહિત ૩૪ રાજ્યો અને કેન્દ્ર શાસિત પ્રદેશોમાં પ્રવાસ કરશે અને ૭૫ મહત્વપૂર્ણ સ્થળોએ ૭૫ દિવસમાં ૧૮,૦૦૦ કિલોમીટરની મુસાફરી કરશે**

**પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીનાં નેતૃત્વમાં છેલ્લાં આઠ વર્ષમાં ભારત વિશ્વની ૧૧માં અર્થવ્યવસ્થાથી પાંચમા નંબરની સૌથી મોટી વૈશ્વિક અર્થવ્યવસ્થા બની ગયું છે**



- **પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીએ ચીંધેલા માર્ગ પર ચાલીને આઝાદીની શતાબ્દીના સમયે આપણો દેશ જરૂર દરેક ક્ષેત્રમાં સર્વશ્રેષ્ઠ બની જશે**
- **ગઈકાલે પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીએ ગુલામીનું પ્રતીક એવું નામ બદલીને કર્તવ્ય પથનું ઉદ્‌ઘાટન કર્યું હતું. શ્રી નરેન્દ્ર મોદીએ કહ્યું હતું કે, ૧૩૦ કરોડ નાગરિકોના તેમનાં કર્તવ્યો પ્રત્યે સમર્પણભાવ થકી જ નવા ભારતનું નિર્માણ થઈ શકે છે**
- **જ્યારે ૧૩૦ કરોડ લોકો દેશભક્તિની ભાવનાથી પોતાની બંધારણીય ફરજો અદા કરે ત્યારે દેશને પ્રગતિ કરતા કોઈ રોકી નહીં શકે**



કમલમ્ ન્યુઝ,

ભુજ ખાતે ફ્રેન્ડસ ગ્રુપ પરિવાર દ્વારા આયોજીત ૨૨ માં ગણેશજી ઉત્સવમાં વિધાનસભા અધ્યક્ષાશ્રી ડૉ. નીમાબેન આચાર્યે સવારે યોજાયેલી મહાઆરતીમાં ભાગ લઈને ભગવાનના આર્શીવાદ મેળવ્યા હતા.

# વાપીમાં ભારત સરકાર અને ગુજરાત સરકારના સંયુક્ત ઉપક્રમે ફોર્ટિફાઇડ ઘટકતત્વોની થેલેસેમિયા તથા સિકલસેલ એનિમિયાના દર્દીઓ પર અસર અંગે વર્કશોપ યોજાયો

## ભારત સરકારના અન્ન અને નાગરિક પુરવઠા વિભાગના નાયબ સચિવશ્રી એલ.પી.શર્મા સહિત ગુજરાત સરકારના મંત્રીશ્રીઓ કનુભાઈ દેસાઈ, નરેશભાઈ પટેલ ઉપસ્થિત રહ્યા



**વર્ષ ૨૦૨૩-૨૪ સુધીમાં સરકારી યોજનાઓ હેઠળ ૭૧ લાખ રેશનકાર્ડ ધરાવતા ૩.૫ કરોડ લોકોને સામાન્ય ચોખાના સ્થાને ગુણકારી ફોર્ટિફાઇડ ચોખા આપવામાં આવશે**

કમલમ્ ન્યુઝ,

વાપીમાં અન્ન, નાગરિક અને ગ્રાહકોની બાબતોના વિભાગ, ગુજરાત સરકાર અને ભારત સરકારના સંયુક્ત ઉપક્રમે ચલાની મેરીલ એકેડેમી ખાતે નાણાં, ઊર્જા અને પેટ્રોકેમિકલ્સ મંત્રીશ્રી કનુભાઈ દેસાઈની અધ્યક્ષાતામાં અને ભારત સરકારના અન્ન અને નાગરિક પુરવઠા વિભાગના નાયબ સચિવશ્રી એલ.પી.શર્મા સહિતના મહાનુભાવોની ઉપસ્થિતિમાં ફોર્ટિફાઇડ ઘટકતત્વોની થેલેસેમિયા તથા સિકલસેલ એનીમિયાના દર્દીઓ ઉપર થતી અસર અંગે જાણ જાગૃતિ વર્કશોપ યોજાયો હતો. આ કાર્યક્રમમાંઆદિજાતિ વિકાસ, અન્ન અને નાગરિક પુરવઠા અને ગ્રાહકોની સુરક્ષા વિભાગના મંત્રીશ્રી નરેશભાઈ પટેલ અને નર્મદા જળ સંપત્તિ અને પાણી પુરવઠાના રાજ્યકક્ષાના મંત્રીશ્રી જીતુભાઈ ચૌધરી વિશેષ ઉપસ્થિત રહ્યા હતા. મંત્રીશ્રી કનુભાઈ દેસાઈએ જણાવ્યું હતું કે, દક્ષિણ ગુજરાતના આદિવાસી વિસ્તારોમાં થેલેસેમિયા અને સિકલસેલ એનીમિયા જેવા આનુવાંશિક રોગ પ્રત્યે જાગૃતિ લાવવા માટે વર્ષ ૧૯૯૫થી એક વિભાગ શરૂ કરવામાં આવ્યો હતો. ફોર્ટિફાઇડ ચોખા લોહતત્વની ગોળી કરતા વધુ ગુણકારી છે. તેમજ આ ચોખાના કોઈ ગેરફાયદા નથી, એનાથી માત્ર આરોગ્યમાં સુધારો જ થશે. વધુ મંત્રીશ્રી એ કહ્યું હતું કે, માત્ર આપણા જ દેશમાં કોરોનાકાળ દરમિયાન અનાજ માટે કોઈ અશાંતિ ફેલાય એવા બનાવો બન્યા નથી. અન્ન અને નાગરિક પુરવઠા મંત્રીશ્રીનરેશભાઈ પટેલ ફોર્ટિફાઇડ ચોખાનું મહત્વ સમજાવતા કહ્યું હતું કે, આદિવાસી વિસ્તારોમાં ચોખાના વધુ સેવનને કારણે થેલેસેમિયા અને સિકલસેલ એનીમિયા જેવા રોગ થાય છે તેથી વર્ષ ૨૦૨૩-૨૪ સુધીમાં સરકારી યોજનાઓ હેઠળ ૭૧ લાખ રેશનકાર્ડ ધરાવતા ૩.૫ કરોડ લોકોને સામાન્ય ચોખાના સ્થાને ગુણકારી ફોર્ટિફાઇડ ચોખા આપવામાં આવશે. આ ચોખા વિશે અનેક પ્રચાર પણ કરવામાં આવ્યા છે. પરંતુ આ ચોખા અદ્યતન લેબમાં બનાવવામાં આવે છે, ચોખાના લોટમાં લોહતત્વ, વિટામિન બી૧૨ અને ફોલિક એસિડ જેવાં મહત્વના તત્વો ઉમેરી ફોર્ટિફાઇડ ચોખા બનાવવામાં આવે છે. તેથી તેનું વજન સામાન્ય ચોખા કરતા ઓછું હોય છે. વધુમાં એમને જણાવ્યું હતુ કે, સરકાર માટે ૧ રૂપિયામાં નજીવા ભાવે ફોર્ટિફાઇડ મીઠું પણ આપવામાં આવે છે. સરકારનુ ધ્યેય ગરીબોનું અનાજ સીધું ગરીબો સુધી જ પહોંચે એવું છે. આ વર્કશોપમાં વલસાડ જિલ્લા પંચાયત પ્રમુખ શ્રીમતી અલકાબેન શાહ, ધરમાલું ધારાસભ્યશ્રી અરવિંદભાઈ પટેલ, કલેકટરશ્રી ક્ષિપ્રા આગ્ર, જિલ્લા વિકાસ અધિકારીશ્રી મનીષ ગુરવાની, ભારત સરકારના અન્ન અને નાગરિક પુરવઠા વિભાગના નાયબ સચિવશ્રી એલ.પી.શર્મા, ગુજરાત સરકારના અન્ન અને નાગરિક પુરવઠા વિભાગના સચિવશ્રી સંજય મોદી, સંગઠન પ્રમુખ હેમંત કંસારા, વાપી નગરપાલિકા પ્રમુખ શ્રીમતી કાશ્મીરા શાહ, સંગઠન મહામંત્રી શિલપેશ દેસાઈ, સસ્તા અનાજની દુકાનના દુકાનદારો, અને આંગણવાડી કાર્યકરો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

# ડેમ-જળાશયોમાં પાણીનો સંગ્રહ વધારીએ જેથી આવતી પેઢી સમૃધ્ધ બને - વિધાનસભા અધ્યક્ષશ્રી ડો.નીમાબેન આચાર્ય



કમલમ્ ન્યુઝ,ભુજ,

કચ્છને નર્મદાના વધારાના નીર ફાળવાયા છે ત્યારે આવનારા સમયમાં નર્મદાના નીર ગામે ગામ પહોંચે ત્યારે પાણી સંગ્રહને લઈને કોઈ સમસ્યા ઉભી ન થાય તે માટે દરેક ગામ આસપાસના ડેમ અને તળાવને વધુ ક્ષમતાના બનાવવા પ્રયાસ કરે અને તે માટે સરકાર તરફથી જે આર્થિક સહયોગ જોઈતો હશે તે પ્રાપ્ત થશે તેવું ગોડપર ખાતે રૂા. ૧.૮૫ કરોડના ખર્ચે નવીનીકરણ પામેલા જામોરા ડેમમાં નવી જળરાશિનું પૂજન કરતા વિધાનસભા અધ્યક્ષાશ્રી ડો.નીમાબેન આચાર્યે ગ્રામજનોએ જણાવ્યું હતું. ગોડપરના જામોરા ડેમમાં ખાણેત્રા, પેચીંગ અને ઓગન સહિતની કામગીરી કરવામાં આવ્યા બાદ આજે વિધાનસભા અધ્યક્ષાશ્રીના હસ્તે નવી જળરાશિના વધામણા કરવામાં આવ્યા હતા. આ પ્રસંગે તેમણે જણાવ્યું હતું કે, કચ્છમાં પાણીનું મહત્વ ખુબ જ છે. નર્મદાના નીર કચ્છમાં આવ્યા બાદ પીવાના પાણીનો પ્રશ્ન હલ થઈ ગયો છે. ઉપરાંત નર્મદાના વધારાના નીરની ફાળવણી થતાં ટુંકસમયમાં કચ્છના જળાશયો તથા કેટલાક ડેમો પણ નર્મદાના નીરથી ભરવામાં આવતા ખેડૂતોને ફાયદો થશે. ત્યારે આવનારા સમયને પારખીને અત્યારથી જ ગામની આસપાસના જળાશયો કે ડેમની ક્ષમતા વધારવાની કામગીરી કરાય તે જરૂરી છે. અત્યારથી જ પાણી સંગ્રહની એવી વ્યવસ્થા કરવી જોઈએ કે આવનારી પેઢીને કોઈ સમસ્યા ન ઉભી થાય. જે પણ ગામ જળાશય કે ડેમના લગતા કામ સુચવશે તે જરૂર પૂર્ણ કરવામાં આવશે તેવી ખાત્રી તેમણે આપી હતી. આ કાર્યક્રમમાં પ્રાસંગિક ઉદબોદન આગેવાનશ્રી ભીમજીભાઈ જોધાણી કર્યું હતું. તેમણે આ વિસ્તારના વિવિધ રસ્તાના કામ તથા અન્ય પૂર્ણ તથા મંજુર થયેલા વિકાસકામોની છણાવટ કરી હતી. આ પ્રસંગે જિલ્લા પંચાયત પ્રમુખશ્રી પારૂલબેન કારા, ભુજ તાલુકા પંચાયત પ્રમુખશ્રી મંજુલાબેન ભંડેરી, જિલ્લા પંચાયત સદસ્યશ્રી કુંવરબેન મહેશ્વરી, ગામ સર્વે આગેવાનશ્રીમાં સરપંચશ્રી નારણભાઈ મુરજી, ઉપસરપંચ ખીમજીભાઈ ખમુ, હરેશભાઈ ભંડેરી,અલીભાઈ જત, અબ્દુલભાઈ મોગલ, શીવજીભાઈ હાલાઈ, શીવજીભાઈ કેરાઈ, જશુબેન પટેલ, અમરબેન હાલાઈ, નારણભાઈ મનજી, નાની સિંચાઈના મદદનીશ ઈજનેરશ્રી મહેક ગોસ્વામી તથા ગોડપરના ગ્રામજનો હાજર રહ્યા હતા.

## તંત્રી સ્થાનેથી......

પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદી ૧૦મી સપ્ટેમ્બરે સવારે ૧૦:૩૦ વાગ્યે વીડિયો કોન્ફરન્સિંગ દ્વારા કેન્દ્ર-રાજ્ય વિજ્ઞાન પરિષદનું ઉદ્‌ઘાટન કરશે. પ્રધાનમંત્રી આ પ્રસંગે સભાને પણ સંબોધન કરશે. દેશમાં નવીનતા અને ઉદ્યોગસાહસિકતાને સરળ બનાવવાના પ્રધાનમંત્રીના અવિરત પ્રયાસોને અનુરૂપ, તેના પ્રકારનો પ્રથમ કોક્લેવ, સહકારી સંઘવાદની ભાવનામાં - મજબૂત વિજ્ઞાન, તકનીક અને નવીનતા ( STI) સમગ્ર દેશમાં ઈકોસિસ્ટમ કેન્દ્ર-રાજ્ય સંકલન અને સહયોગ મિકેનિઝમને મજબૂત કરશે.૧૦-૧૧ સપ્ટેમ્બર ૨૦૨૨ના રોજ સાયન્સ સિટી, અમદાવાદ ખાતે બે દિવસીય કોક્લેવનું આયોજન કરવામાં આવ્યું છે. તેમાં STI વિઝન ૨૦૪૭ સહિત વિવિધ વિષયો પરના સત્રોનો સમાવેશ થશે; રાજ્યોમાં STI માટે ભાવિ વૃદ્ધિના માર્ગો અને વિઝન; આરોગ્ય - બધા માટે ડિજિટલ આરોગ્ય સંભાળ; ૨૦૩૦ સુધીમાં R&Dમાં ખાનગી ક્ષેત્રનું રોકાણ બમણું કરવું; કૃષિ - ખેડૂતોની આવક સુધારવા માટે તકનીકી હસ્તક્ષેપ; પાણી - પીવાલાયક પીવાના પાણીના ઉત્પાદન માટે નવીનતા; એનર્જી-હાઈડ્રોજન મિશનમાં S&Tની ભૂમિકા સહિત બધા માટે સ્વચ્છ ઊર્જા; ડીપ ઓશન મિશન અને દરિયાકાંઠાના રાજ્યો/કેન્દ્રશાસિત પ્રદેશો તેમજ દેશના ભાવિ અર્થતંત્ર માટે તેની સુસંગતતા હશે. આ પ્રકારની પ્રથમ કોક્લેવમાં ગુજરાતના મુખ્યમંત્રી, કેન્દ્રીય રાજ્ય મંત્રી વિજ્ઞાન અને ટેકનોલોજી (S&T), S&T મંત્રીઓ અને રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોના સચિવો, ઉદ્યોગ અગ્રણીઓ, ઉદ્યોગસાહસિકો, NGO, યુવા વૈજ્ઞાનિકો અને વિદ્યાર્થીઓની સહભાગિતા જોવા મળશે.

# ગુજરાતે પ્રત્યેક ગામમાંથી ૭૫ ખેડૂતોને પ્રાકૃતિક કૃષિ સાથે જોડવાના સંકલ્પ સાથે જન અભિયાન ઉપાડ્યું છે. - રાજ્યપાલ શ્રી

## દેશના ખેડૂતો અને ખેતીને આત્મનિર્ભર બનાવવા પ્રાકૃતિક કૃષિ અપનાવવી આજના સમયની માંગ રાજ્યપાલ શ્રી

### જળ જમીન અને પર્યાવરણની રક્ષા તેમજ સ્વાસ્થ્યપ્રદ આહાર માટે ખેડૂતોને પ્રાકૃતિક કૃષિ અપનાવવા રાજ્યપાલશ્રીનો અનુરોધ



કમલમ્ ન્યુઝ,

ગુજરાતના રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતે સાબરકાંઠા જિલ્લા વહીવટી તંત્ર દ્વારા યોજાયેલ પ્રાકૃતિક કૃષિ ખેડૂત સંમેલનમાં ખેડૂતો સાથે સીધો સંવાદ કર્યો હતો. રાજ્યપાલ શ્રી એ આ પ્રસંગે જણાવ્યું હતું કે, ગુજરાતે પ્રત્યેક ગામમાંથી ૭૫ ખેડૂતોને આઝાદીના અમૃત મહોત્સવ પ્રસંગે પ્રાકૃતિક કૃષિ સાથે જોડવાના સંકલ્પ સાથે જન અભિયાન ઉપાડ્યું છે. તેમણે દેશના ખેડૂતો અને ખેતીને આત્મનિર્ભર બનાવવા પ્રાકૃતિક કૃષિ અપનાવી આજના સમયની માંગ હોવાનું જણાવ્યું, જળ જમીન અને પર્યાવરણની રક્ષા તેમજ સ્વાસ્થ્યપ્રદ આહાર માટે વધુમાં વધુ ખેડૂતોને પ્રાકૃતિક કૃષિ અપનાવવા અનુરોધ કર્યો હતો. રાજ્યપાલ શ્રી એ જણાવ્યું હતું કે દેશના પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર ભાઈ મોદીએ દેશભરના કિસાનોની સમૃદ્ધિ માટે અનેકવિધ પગલાં ભર્યા છે પ્રધાનમંત્રી શ્રી એ દેશભરના ખેડૂતોને પ્રાકૃતિક કૃષિ અપનાવવા આહવાન કર્યુ છે એટલું જ નહીં આઝાદીના અમૃત મહોત્સવ પ્રસંગે પ્રત્યેક ગામમાંથી ૭૫ ખેડૂતોને પ્રાકૃતિક કૃષિ સાથે જોડવા આગ્રહ કર્યો છે. તેમના સંકલ્પને સાકાર કરવા ગુજરાતે જન અભિયાન ઉપાડ્યું છે. સ્થાનિક જિલ્લા વહીવટી તંત્ર અને આત્મા પ્રોજેકટના સહયોગથી પ્રત્યેક જિલ્લામાં પ્રાકૃતિક કૃષિના પ્રશિક્ષણ કાર્યક્રમ યોજાઈ રહ્યા છે. ગુજરાતના મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના માર્ગદર્શનમાં આ જન અભિયાન સમગ્ર રાજ્યમાં ચાલી રહ્યું છે. આજે સમગ્ર દેશમાં પ્રાકૃતિક કૃષિનું જન અભિયાન ઝડપથી આગળ વધી રહ્યું છે. તેની વિગતો આપતા રાજ્યપાલ શ્રી એ જણાવ્યું કે આજે આંધ્રપ્રદેશથી લઈને હિમાચલ પ્રદેશ હરિયાણા જેવા અનેક રાજ્યોમાં વધુને વધુ ખેડૂતો પ્રાકૃતિક કૃષિ તરફ વળી રહ્યા છે. રાજ્યપાલ શ્રીએ હિમાચલ પ્રદેશમાં સફરજનના બાગમાં કરવામાં આવેલી પ્રાકૃતિક કૃષિની સફળગાથા વર્ણવી જણાવ્યું હતું કે પ્રાકૃતિક કૃષિ રાસાયણિક કૃષિનો શ્રેષ્ઠ વિકલ્પ છે. રાજ્યપાલ શ્રીએ જણાવ્યું હતું કે, આજે સમગ્ર વિશ્વ ગ્લોબલ વોર્મિંગની સમસ્યાથી ગ્રસ્ત છે ગ્લોબલ વોર્મિંગની સમસ્યા પાછળ રાસાયણિક કૃષિનો ૨૪% ફાળો છે, તેવુ નિષ્ણાતો માની રહ્યા છે. રાસાયણિક કૃષિના કારણે જળ, જમીન અને પર્યાવરણ દૂષિત થઈ રહ્યું છે. રાસાયણિક ખાતરો અને જંતુનાશક દવાઓના વધુ પડતા ઉપયોગને કારણે જમીનનો ઓર્ગેનિક કાર્બન સતત ઘટી રહ્યો છે. જમીનની ફળદ્રુપતા સતત ઘટવાને કારણે જમીન બિન ઉપજાઉ બની ગઈ છે. રાસાયણિક કૃષિમાં ખર્ચ સતત વધી રહ્યો છે. ઉત્પાદન દિન-પ્રતિદિન ઘટી રહ્યું છે જેના કારણે ખેડૂતોની આર્થિક સ્થિતિ કથળી છે. તેમણે જણાવ્યું હતું કે રાસાયણિક કૃષિથી દૂષિત આહાર આરોગવાના કારણે લોકો કેન્સર, ડાયાબિટીસ, હૃદય રોગ જેવા અસાધ્ય બીમારીનો ભોગ બની રહ્યા છે. સાથે રાસાયણિક ખાતરો પાછળ કેન્દ્ર સરકાર વર્ષે અઢી લાખ કરોડનો આર્થિક બોજ સહન કરવો પડે છે. રાજ્યપાલ શ્રી એ જણાવ્યું હતું કે આઝાદી બાદ દેશની ખાદ્યાન્ન જરૂરિયાતને પૂરી કરવા હરિત ક્રાંતિના માધ્યમથી રાસાયણિક કૃષિ અપનાવવી એ જે તે સમયની માંગ હતી. આજ રાસાયણિક કૃષિના પરિણામથી મુક્તિ મેળવવા પ્રાકૃતિક કૃષિ અપનાવી એ આજના સમયની માંગ છે. આજ ગુજરાત રાજ્યમાં અઢી લાખ ખેડૂતો પ્રાકૃતિક કૃષિ સાથે જોડાયા છે. એ જ રીતે હિમાચલ પ્રદેશમાં બે લાખ ખેડૂતો પ્રાકૃતિક કૃષિ સાથે જોડાયા છે. તેમણે જણાવ્યું કે જંગલમાં કોઈ રાસાયણિક ખાતર કે જંતુનાશકોના ઉપયોગ વિના વૃક્ષ વનસ્પતિનો પ્રાકૃતિક રીતે વિકાસ વૃદ્ધિ થાય છે. આજ રીતે પ્રાકૃતિક પદ્ધતિથી ખેતી કરવી એ જ ખરી પ્રાકૃતિક કૃષિ પદ્ધતિ છે. રાજ્યપાલશ્રીએ પ્રાકૃતિક કૃષિ પદ્ધતિ વિશે માહિતી આપતાં જણાવ્યું હતું કે કાંકરેજ અને ગીર જેવી દેશી ગાયના એક ગ્રામ છાણમાં ૩ કરોડ જેટલા સૂક્ષ્મ જીવો હોય છે. ગૌમુત્ર ખનીજનો ભંડાર છે. દેશી ગાયના છાણ અને ગૌમુત્ર, દાળનું બેસણ, ગોળ, માટીના પાણીમાં બનાવેલા મિશ્રણથી જીવામૃત તૈયાર કરવામાં આવે છે.આ જ રીતે પાણીની ઓછી માત્રાથી ઘન જીવામૃત બનાવવામાં આવે છે. જીવામૃત અને ઘનજીવામૃત એક કલ્ચર તરીકે કાર્ય કરે છે. જે પ્રાકૃતિક ખાતર તરીકે ઉપયોગ કરવામાં આવે છે. તેમણે જણાવ્યું કે એક દેશી ગાયની મદદથી ૩૦ એકર જેટલી જમીનમાં પ્રાકૃતિક કૃષિ થઈ શકે છે. આ પદ્ધતિમાં બીજના વાવેતર સમયે બીજને છાણ અને ગૌમૂત્રથી બનતા બીજામૃતથી સંસ્કારિત કરવામાં આવે છે. જેનાથી બીજની રોગપ્રતિકારક શક્તિ વધે છે અને ઝડપથી અંકુરિત થાય છે. જીવામૃત-ઘન જીવામૃત પ્રાકૃતિક ખાતર તરીકે કાર્ય કરે છે. બીજના અંકુરણ બાદ જમીનને કૃષિ અવશેષોથી ઢાંકવામાં આવે છે.જેને મલ્ચીંગ કહેવામાં આવે છે. મલ્ચીંગથી જમીનનુ ઊંચા તાપમાન સામે રક્ષણ થાય છે. જમીનનો ઓર્ગેનિક કાર્બન હવામાં ઊડી જતો અટકે છે. જમીનમાં ભેજનું પ્રમાણ જળવાય છે. જેથી આ પદ્ધતિમાં પાણીની ૫૦ ટકા જેટલી બચત થાય છે. મલ્ચીંગને કારણે સુક્ષ્મજીવો અને મિત્રજીવોને દિવસ દરમિયાન કાર્ય કરવાનું વાતાવરણ મળે છે. મલ્ચીંગથી નિંદામણની સમસ્યા અટકે છે. રાજ્યપાલશ્રીએ સૂક્ષ્મજીવો અને અળસિયા જેવા મિત્રજીવોને ખેડૂતો માટે આશીર્વાદરૂપ ગણાવ્યા હતા. જીવામૃત-ઘનજીવાઅમૃતથી આ સુક્ષ્મજીવો અને અળસિયા જેવા મિત્ર જીવોની વૃદ્ધિ થાય છે. જે જમીનના ખનીજોને શોષી શકાય તેવા સરળ પદાર્થોમાં રૂપાંતર કરે છે. જેનું મૂળ દ્વારા સરળતાથી શોષણ થાય છે અને ઉત્પાદન વધે છે. અળસિયા જેવા મિત્ર જીવો જમીનને ફળદ્રુપતા બનાવે છે. જમીનમાં અસંખ્ય છેદ બનાવી જમીનને નરમ બનાવે છે. આ છેદથી જમીનમાં પૂરતા પ્રમાણમાં ઓક્સિજન મળે છે. વરસાદનું પાણી આ છિદ્રો દ્વારા જમીનમાં ઉતરે છે અને કુદરતી રીતે જળ સંચય થાય છે. રાજ્યપાલશ્રીએ પ્રાકૃતિક કૃષિમા વાપ્સા અને મિશ્રપાકના મહત્વને પણ સમજાવ્યું હતું. પ્રાકૃતિક કૃષિથી જળ જમીન અને પર્યાવરણનું રક્ષણ થાય છે. સૂક્ષ્મ જીવો અને અળસિયા જેવા મિત્રજીવોની વૃદ્ધિ થવાથી જમીન ફળદ્રુપ બને છે. જમીનનો ઓર્ગેનિક કાર્બન વધે છે. નિંદામણની સમસ્યાનો હલ થાય છે. કૃષિ ખર્ચ નહિવત આવે છે અને ઉત્પાદન પણ પૂરતું મળે છે. એટલું જ નહીં પ્રાકૃતિક કૃષિ ઉત્પાદનોના ભાવ પણ પ્રમાણમાં વધુ મળતાં સરવાળે ખેડૂતને આર્થિક ફાયદો થાય છે. રાજ્યપાલશ્રીએ પ્રાકૃતિક કૃષિને ખેડૂતો માટે આશીર્વાદરૂપ કૃષિ પદ્ધતિ ગણાવી હતી. રાજ્યપાલશ્રીએ જૈવિક કૃષિ અર્થાત ઓર્ગેનિક કૃષિ અને પ્રાકૃતિક કૃષિથી સાવ અલગ ગણાવતાં જણાવ્યુ હતું કે, ઓર્ગેનિક કૃષિમાં વર્મિકમ્પોસ્ટના નિર્માણમાં ખર્ચ થાય છે. વિદેશી અળસિયા ભારતીય વાતાવરણમાં કાર્ય કરવા પૂરતા સક્ષમ નથી. નિંદામણની સમસ્યાનુ હલ મળતું નથી એટલું જ નહી ઓર્ગેનિક કૃષિએ શરૂઆતના વર્ષોમાં ઉત્પાદન ઘટે છે. જેના કારણે આ પદ્ધતિ ખેડૂતો માટે ફાયદાકારક નથી. જયારે પ્રાકૃતિક કૃષિમાં ઉત્પાદન ઘટતું નથી. કૃષિ ખર્ચ નહિવત આવે છે. જમીનનો ઓર્ગેનિક કાર્બન વધવાથી જમીન ફળદ્રુપ બને છે. મલ્ચીંગને કારણે નિંદામણની સમસ્યા નથી રહેતી. જેથી પ્રાકૃતિક કૃષિ ખેડૂતો માટે લાભદાયી છે. રાજ્યપાલશ્રીએ પ્રાકૃતિક કૃષિને ખેડૂતોની સમૃદ્ધિ માટે આવશ્યક ગણાવી હતી. આ પ્રસંગે જિલ્લા કલેકટરશ્રી હિતેષ કોયાએ સ્વાગત પ્રવચન કરતા જણાવ્યું કે, જિલ્લામાં ૪૦૦ તાલીમો યોજી ૧૦ હજાર જેટલા ખેડૂતોને પ્રાકૃતિક ખેતી અંગે સમજ આપવામાં આવી છે. ગામ દીઠ ૭૫ ખેડૂતો પ્રાકૃતિક ખેતી તરફ વળે તે માટે જિલ્લા વહીવટી તંત્ર પ્રયત્નશીલ છે. જિલ્લામાં બે એફ.પી.ઓ. કાર્યરત છે. તા. ૩૧ ડિસેમ્બર ૨૦૨૧ના રોજ વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ દેશના ખેડૂતો સાથે દિલ્હીથી વાર્તાલાપ કર્યો હતો. જેમાં તેમણે સાબરકાંઠા જિલ્લાના પ્રાકૃતિક ખેતી કરતા સફળ ખેડૂતો સાથે સીધો વાર્તાલાપ કરી માર્ગદર્શન આપ્યું હતું.આ પ્રસંગે પ્રાકૃતિક કૃષિ કરતા સાબરકાંઠા જિલ્લાના ખેડૂતોની સાફલ્યગાથા પુસ્તકનું વિમોચન રાજ્યપાલશ્રી અને મહાનુભવોના હસ્તે કરવામાં આવ્યું હતું. પ્રાકૃતિક કૃષિ પેદાશોના ઉત્પાદનના સ્ટોલ આ પ્રસંગે લગાવવામાં આવ્યા હતા. આ પ્રસંગે ઉચ્ચ અને ટેકનિકલ શિક્ષણ અને જિલ્લા પ્રભારી મંત્રીશ્રી ડૉ. કુબેરભાઈ ડીંડોર, અન્ન નાગરીક પુરવઠા રાજ્યમંત્રી શ્રી ગજેન્દ્રસિંહ પરમાર, સાંસદશ્રી દિપસિંહ રાઠોડ, રાજ્યસભા સાંસદ શ્રીમતી રમિલાબેન બારા, જિલ્લા પંચાયત પ્રમુખશ્રી ધીરજભાઈ પટેલ, હિંમતનગર ધારાસભ્યશ્રી રાજેન્દ્રસિંહ ચાવડા, જિલ્લા અગ્રણી શ્રી જે.ડી.પટેલ, કિસાન સંગઠનના અગ્રણીઓ, ખેડૂત ભાઈ-બહેનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. અંતમા જિલ્લા વિકાસ અધિકારી શ્રી દિપેન શાહે આભાર દર્શન કર્યું હતું.

# પ્રાકૃતિક કૃષિ પરિસંવાદમાં મોટી સંખ્યામાં ખેડૂતો સહભાગી બને એ માટેનું જિલ્લા પ્રશાસનનું આયોજન



કમલમ્ ન્યુઝ,જતીન સોની- દાહોદ,

ગુજરાતના રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતની અધ્યક્ષતામાં આગામી તા. ૧૧ સપ્ટેમ્બર, રવિવારે દાહોદ ખાતે પ્રાકૃતિક કૃષિ પરિસંવાદ કાર્યક્રમ યોજાશે. આઝાદીના અમૃત મહોત્સવ નિમિત્તે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ખેડૂતોની આર્થિક સ્થિતિ ઉન્નત બને અને નાગરિકોના સુસ્વાસ્થ્ય માટે ગામ દીઠ ૭૫ ખેડૂતો પ્રાકૃતિક કૃષિ અપનાવે તે માટે આહ્વાન કર્યું છે ત્યારે જિલ્લા વહીવટી તંત્રે રવિવારે યોજાનારા ''પ્રાકૃતિક કૃષિ – પ્રકૃતિના શરણે પરિસંવાદ''માં મોટી સંખ્યામાં ખેડૂતો સહભાગી બને એ માટેનું આયોજન કર્યું છે. જિલ્લા સેવાસદન ખાતે કલેક્ટર ડો. હર્ષિત ગોસાવીની અધ્યક્ષતામાં ગુરૂવારે યોજાયેલી બેઠકમાં પ્રાકૃતિક કૃષિ પરિસંવાદ કાર્યક્રમ માટેનું આયોજન કરાયું હતું. રાજ્યપાલશ્રીની અધ્યક્ષતામાં યોજાનારો આ પરિસંવાદ આગામી રવિવારે દાહોદ નગરનાં સ્વામી વિવેકાનંદ સંકુલ ખાતે આવેલા પંડિત દિનદયાલ સભાગૃહ ખાતે યોજવામાં આવશે. ગુજરાત વિધાનસભાના દંડક શ્રી રમેશભાઈ કટારા, સાંસદ શ્રી જસવંતસિંહ ભાભોર, જિલ્લા પંચાયત પ્રમુખ સુશ્રી શીતલબેન વાઘેલા સહિતના મહાનુભાવો પણ આ કાર્યક્રમમાં ઉપસ્થિત રહેશે. આ માટેની તમામ વ્યવસ્થાઓનું આયોજન બેઠકમાં કરવામાં આવ્યું હતું. કલેક્ટર ડો. ગોસાવીએ કાર્યક્રમના આયોજન બાબતે જરૂરી માર્ગદર્શક સૂચનાઓ અધિકારીશ્રીઓને આપી હતી. તેમણે જણાવ્યું હતું કે, પ્રાકૃતિક કૃષિએ ખેડૂતોના આર્થિક ઉપાર્જનને બમણું તો કરશે જ તેમજ માનવ સ્વાસ્થ્ય અને પર્યાવરણ માટે પ્રાકૃતિક કૃષિ ખૂબ જ મહત્વની છે ત્યારે પ્રાકૃતિક કૃષિ પરિસંવાદમાં વધુમાં વધુ ખેડૂતોને સહભાગી થાય એ માટે અધિકારીશ્રીઓને જણાવ્યું હતું. બેઠકમાં એએસપી શ્રી જગદીશ બાંગરવા, ડીઆરડીએ નિયામકશ્રી, આત્મા પ્રોજેકટ ડાયરેકટર શ્રી ડી.એલ. પટેલ સહિતના અધિકારીશ્રીઓ ઉપસ્થિત રહ્યાં હતા.

# ભુજપર આંગણવાડી કેન્દ્રોમાં પોષણ માસની ઉજવણી કરવામાં આવી

## કચ્છ જિલ્લાના પ્રોગ્રામ ઓફિસર ઇરાબેન ચૌહાણે હાજરી આપી પ્રોત્સાહિત કર્યા



- **સમતોલ આહારને ભોજનમાં સ્થાન આપવા ભલામણ કરાઈ**
- **શ્રેષ્ઠ પોષ્ટિક વાનગી બનાવનારને ઇનામ આપી પ્રોત્સાહિત કરાયા.**

### ફાસ્ટફૂડ તથા તૈયાર મળતા ફૂડ પેકેટનું સેવન ન કરવા પર ભાર મુકવામાં આવ્યો

કમલમ્ ન્યુઝ,મુન્દ્રા,

કેન્દ્ર સરકારના મહિલા અને બાળવિકાસ મંત્રાલય દ્વારા દર વર્ષે સપ્ટેમ્બર માસને રાષ્ટ્રીય પોષણ માસ તરીકે ઉજવવામાં આવે છે જે અંતર્ગત મુન્દ્રા તાલુકાની મોટી ભુજપરની સાત આંગણવાડી કેન્દ્રોમાં પોષણ માસની ઉજવણી કરવામાં આવી હતી. ભારતના યશસ્વી વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના આહવાનના પગલે સારસ્વતમ સંસ્થા સંચાલિત મુન્દ્રા આઈ. સી.ડી.એસ. ઘટકની મોટી ભુજપરની આંગણવાડી કેન્દ્ર ખાતે યોજાયેલ પોષણ મેળામાં કચ્છ જિલ્લાના પ્રોગ્રામ ઓફિસર ઈરાબેન ચૌહાણે પોષણ માસના ઉદેશ્યો અંગે જાણકારી આપતા જણાવ્યું હતું કે ભારતમાં કુપોષણને સ્વાસ્થ્ય સમસ્યાઓમાંની એક સમસ્યા માનવામાં આવે છે, કારણ કે ભારતમાં કુપોષણનું દર અન્ય દેશોની તુલનાએ વધુ છે, આ દરમાં ઘટાડો કરવા સરકાર દર વર્ષે પોષણ માસની ઉજવણી કરે છે. પોષણ માસના મહત્વ અંગે વિસ્તૃત જાણકારી આપવા સાથે આઈ.સી.ડી.એસ.ની તમામ યોજનાઓની જાણકારી પણ આપવામાં આવી હતી. પોષણ મેળાની શરૂઆતમાં કિશોરીઓ, વર્કર-હેલ્પર બહેનો દ્વારા રેલી કાઢી લોક જાગૃતિ અર્થે સુત્રોચાર કરવામાં આવ્યા હતા. ત્યાર બાદ સી.ડી.પી.ઓ. આશાબેન ગોરએ મહેમાનોનું શાબ્દિક સ્વાગત કરીને ફાસ્ટફૂડ તથા તૈયાર મળતા ફૂડ પેકેટનું સેવન ન કરવા પર ભાર મુકયો હતો. જ્યારે ભુજ ઘટકના સી.ડી.પી.ઓ. જાગૃતિબેન જોશીએ પોષણનું મહત્વ સમજાવતા જણાવ્યું હતું કે દાળ, કઠોળ, લીલા શાકભાજી જેવા સમતોલ આહારને ભોજનમાં સ્થાન આપવું જોઈએ સાથે આંગણવાડી કેન્દ્રોમાં આપવામાં આવતા પુરક પોષણમાંથી મળતા પોષક તત્વો અંગે વિસ્તૃત જાણકારી આપેલ હતી. પોષણ મેળામાં વર્કરો તથા બહેનો દ્વારા અલગ અલગ પોષ્ટિક વાનગીઓનું પ્રદર્શન કરવામાં આવ્યું હતું તથા તેમાંથી મળતા પોષક તત્વો અંગે વિગતવાર સમજ આપવામાં આવેલહતી. શ્રેષ્ઠ પોષ્ટિક વાનગી બનાવનારને ઈનામ આપી પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા. પોષણ મેળામાં ગ્રામ પંચાયતના સદસ્યા ચંદ્રિકાબેન મોતા સહિત કિશોરીઓ, મહિલાઓ તથા બહોળી સંખ્યામાં ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમને સફળ બનાવવા ભુજપરની સાત કેન્દ્રોની આંગણવાડી વર્કર તથા હેલ્પર બહેનોએ જહેમત ઉઠાવી હતી.

# "રાજકોટજીવનનગરમાં ગણપતિ મહોત્સવનું ભાવપુર્ણ સમાપન"

## શ્રધ્ધા–અંધશ્રધ્ધા, ધર્મ–ધાર્મિકતા ભેદરેખાની સમજ કેળવીએ... જયંત પંડયા




કમલમ્ ન્યુઝ,રાજકોટ

જીવનનગર વિકાસ સમિતિ, ગણપતિ મહોત્સવ સમિતિ, વોર્ડ નં. ૧૦ જાગૃત નાગરિક મંડળ, મહિલા સત્સંગ મંડળના સંયુક્ ઉપક્રમે ગણપતિ મહોત્સવનું ભાવપુર્ણ સમાપન થયું હતું. સામુહિક આરતી સાથે સાદાઈથી વિસર્જન કરવામાં આવ્યું હતું.

મહોત્સવમાં હજારો શ્રદ્ધાળુઓએ ભાગ લીધો હતો. શ્રધ્ધા–અંધશ્રધ્ધા, ધર્મ, ધાર્મિકતાની ભેદરેખા સમજીને વાણી–વર્તન, વ્યવહારથી દેશની પ્રગતિની ઝાંખી થાય છે.ગણપતિ મહોત્સવમાં દરરોજ દિપમાલા, મહાઆરતી, સ્તુતિ, સત્સંગ અને પ્રભાતફેરી, પૂજન, અર્ચન, પૂજાથી શ્રધ્ધાળુઓ ગદગદીત થતા હતા. મહોત્સવની શોર–બકોર, કોલાહલ, અબીલ–ગુલાલ, કંકુ વગર, ડી.જે. ઘોંઘાટ વગર ધાર્મિક અહોભાવથી પુર્ણાહુતિ કરવામાં આવી હતી. મહોત્સવના પ્રયોજક સુનિતાબેન વ્યાસ, વિનોદરાય ભટ્ટ, કેતન મકવાણાની સંયુકત જવાબદારી વચ્ચે દરરોજ પ્રસાદ, વિધિ–વિધાન કરવામાં આવતા હતા. જીવનનગર, જ્ઞાનજીવન, દેશળદેવ પરા, શિવપરા, અમી પાર્ક, બ્રહ્મસમાજના રહીશો પરિવાર સાથે પૂજન અર્ચન કરતા હતા. સમિતિના પ્રમુખ જયંત પંડયાએ જણાવ્યું કે સમિતિ અનેકવિધ પ્રવૃતિઓ કરે છે તેને ૪૧ વર્ષ પુરા થયા છે. માનવધર્મને કેન્દ્રમાં રાખી આયોજનો થાય છે. ધાર્મિક ઉત્સવ રહીશો માટે પીડાદાયક સાબિત ન થાય તેનું સતત ધ્યાન રાખવામાં આવે છે. લોકોની લાગણી ધ્યાને રાખી કાર્યક્રમો નક્કી કરવામાં આવે

- **સામુહિક આરતીમાં રહીશો જોડાયા. સાદાઈથી ઉજવણીનું સમાપન થયું.**
- **માનવસમાજની રીતભાતથી દેશની પ્રગતિ નક્કી થાય.**
- **મહોત્સવમાં હજારો લોકોએ ભાગ લઈ ધન્યતા અનુભવી.**
- **વિજ્ઞાનના કારણે માનવ જાતનો સર્વાંગી વિકાસ... ચેરમેન પંડયા**

છે. સરકારી તંત્રની હરહંમેશ મદદ મળે છે. નવરાત્રિ મહોત્સવની જાહેરાત કરવામાં આવી હતી. સમિતિના જયંત પંડયાના વડપણ હેઠળ મુકેશભાઈ પોપટ, પ્રફુલ્લભાઈ બારોટ, સંજય ધકાણ, પાર્થ ગોહેલ, વિનોદરાય ભટ્ટ, કેતન મકવાણા, વિનુભાઈ ઉપાધ્યાય, વિજયભાઈ જોબનપુત્રા, અંકલેશ ગોહિલ, ગોવિંદભાઈ ગોહેલ, પંકજભાઈ મહેતા, મહિલા મંડળના સુનિતાબેન વ્યાસ, અલ્કાબેન પંડયા, શોભનાબેન ભાણવડિયા, જયોતિબેન પુજારા, હંસાબેન ચુડાસમા, ભારતીબેન ગંગદેવ, યોગીતાબેન જોબનપુત્રા, હર્ષાબેન પંડયા વકીલ, સોનલબેન મકવાણા, કલ્પનાબેન દવે, પ્રફુલ્લાબેન બોરીચા, આશાબેન મજેઠીયા, જસ્મીતાબેન આચાર્ય, નેહાબેન મહેતા શ્રદ્ધાળુઓએ ભાગ લીધો હતો.

# ભુકંપમાંથી બેઠું થયેલું કચ્છ દેશનું ગ્રોથ એન્જિન છે – વિધાનસભા અધ્યક્ષશ્રી ડો.નીમાબેન આચાર્ય

## આત્મનિર્ભર ભારતમાં મહિલાનો ફાળો મોટો છે - જિલ્લા પંચાયત અધ્યક્ષશ્રી પારૂલબેન કારા

### વિકાસની સાથે દેશની વિરાસતની જાળવણી પ્રધાનમંત્રીશ્રીએ કરી છે- સાંસદશ્રી વિનોદભાઇ ચાવડા



### દહિંસરા ખાતે રૂા. ૧૨ કરોડથી વધુના વિકાસકામોનું વિધાનસભા અધ્યક્ષાશ્રી ડો.નીમાબેન આચાર્યના હસ્તે ખાતમુહૂર્ત કરવામાં આવ્યું

કમલમ્ ન્યુઝ,ભુજ

કચ્છના પાલકપિતા એવા પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીએ ભુકંપમાંથી કચ્છને બેઠું કરીને દેશનું ગ્રોથ એન્જિન બનાવ્યું છે. વિવિધ વિકાસલક્ષી પ્રકલ્પોની કચ્છને ભેટ આપીને લોકોનું જીવનધોરણ ઉંચું લાવ્યા છે. જેના પરીણામ સ્વરૂપ કચ્છ વિશ્વના નકશામાં ઉભરી આવ્યું છે ત્યારે સૌ કચ્છવાસીઓની ફરજ છે કે, દેશ, રાજય અને જિલ્લાના વિકાસમાં ખભે ખભા મિલાવીને સહયોગ આપે તેવું દહિંસરા ખાતે ૧૨ કરોડથી વધુના વિકાસકામોના ખાતમુહૂર્ત પ્રસંગે વિધાનસભા અધ્યક્ષાશ્રી ડો.નીમાબેન આચાર્યે જણાવ્યું હતું. રૂ.૧૦.૮૦ કરોડના ખર્ચે કેરા - દહિંસરા - ગઢશીશા રોડના વાઈડનીંગ એન્ડ સ્ટ્રેન્ધનીંગ કામગીરીના ખાતમુહૂર્ત સાથે વિધાનસભા અધ્યક્ષાશ્રીએ દહિંસરાથી કેરા રોડ ૭મીટર પહોળો કરવા, દહિંસરાથી કેરા વચ્ચે નાગમતી નદી પર પુલ બનાવવા, દહિંસરા બસ સ્ટેશનથી ફુલવાડી સુધી સીસી રોડ, દહિંસરા ગામે મહાદેવ મંદિર પાસેથી સાર્વજનિક ચોકમાં શેડ, દહિંસરા હાઈસ્કુલમાં પ્રાર્થના શેડ, જલારામ મંદિર દહિંસરા પાસે સાર્વજનિક ચોકમાં રોડ અને ઈન્ટરલોક સહિતના કુલ રૂા. ૧૨ કરોડથી વધુના વિકાસ કામોનું ખાતમુહૂર્ત કર્યુ હતું. આ પ્રસંગે તેમણે જણાવ્યું હતુંકે, કચ્છને વિકસીત કરવાનો સંકલ્પ લેનારા પ્રધાનમંત્રીશ્રીએ આ સંકલ્પને પુર્ણ કરી બતાવ્યો છે. આજે નર્મદાના વધારાના પાણીથી લઈને અનેક પ્રકલ્પોએ કચ્છનો ભાગ્યોદય કર્યો છે. પ્રાથમિક સુવિધાની તમામ હાડમારીનો અંત આવ્યો છે. હાલ જિલ્લાના સરહદી ગામ સુધી નલ સે જલ પ્રાપ્ત થયા છે તે વડાપ્રધાનશ્રીની દિર્ધદષ્ટિને આભારી છે. તેમણે ઉમેર્યુ હતું કે, કચ્છના ધાર્મિક સ્થાનોમાં માતાના મઢ, રૂદ્રાણી જાગીર, ત્રીજાર ધર્મસ્થાન વગેરેનો પણ વિકાસ કરવામાં આવશે. આમ, કચ્છમાં તમામ ક્ષેત્રે વિકાસ કરવા સરકાર તત્પર છે. કાર્યક્રમમાં પ્રાસંગિક



ઉદબોદન કરતા જિલ્લા પંચાયત પ્રમુખશ્રી પારૂલબેન કારાએ જણાવ્યું હતું કે, વડાપ્રધાનશ્રીએ મહિલાઓમાં રહેલી શકિતને ઉજાગર કરી છે. તેઓ નારીશક્તિને રાષ્ટ્રશક્તિ માને છે. આત્મનિર્ભર ભારતમાં મહિલાનો મોટો ફાળો છે. તેમણે ઉમેર્યુ હતું કે, કચ્છ જેવા વિશાળ પ્રદેશમાં રોડ કનેકટીવિટી ખુબ જરૂરીછે. સારારસ્તાના કારણે જ જે તે પ્રદેશનો વિકાસ થતો હોય છે ત્યારે રાજય સરકાર કચ્છમાં રોડ-રસ્તાના કામ ત્વરીત પૂર્ણ કરવા સક્રીયપણે કામ કરી રહી છે. આ પ્રસંગે સાંસદશ્રી વિનોદભાઈ ચાવડાએ જણાવ્યું હતું કે, વડાપ્રધાનશ્રીની લીડરશીપમાં દેશની કાયાપલટ થઈ રહી છે. પ્રધાનમંત્રીશ્રીએ વિકાસની સાથે દેશની વિરાસતની પણ જાળવણી કરી છે. ભુકંપ પછી કચ્છ દોડતું થયું છે તેનો શ્રેય વડાપ્રધાનશ્રીને જાય છે. તેમણે કચ્છની પાણીની સમસ્યા હલ કરવા છેક મોડકુબા સુધી નર્મદાના નીર પહોંચાડી અશક્યને શક્ય કરી બતાવ્યું છે. તેના માટે કચ્છની વર્તમાન અને આવનારી અનેક પેઢીને તેમની ઋણી રહેશે. કાર્યક્રમમાં રામપર વેકરાના તથા હાલે નૈરોબી રહેતા દાતાશ્રી ધનુબેન શાંતિલાલ ભંડેરી દ્વારા આ વિસ્તારની ૭ શાળાને દત્તક લઈને કરાયેલા વિકાસકામોની તકતીનું વિધાનસભા અધ્યશ્રીના હસ્તે અનાવરણ કરાયું હતું. આ પ્રસંગે ભુજ તાલુકા પંચાયત પ્રમુખશ્રી મંજુલાબેન ભંડેરી, દહિંસરાના સરપંચશ્રી ઈન્દુબેન આશાણી, જિલ્લા પંચાયત સદસ્ય કુંવરબેન પ્રકાશભાઈ, તાલુકા પંચાયત સદસ્ય રમેશભાઈ ગઢવી, ઉપસરપંચશ્રી વિરમભાઈ રબારી, આગેવાનશ્રી ભીમજીભાઈ જોધાણી, હરીશભાઈ ભંડેરી, વિશ્રામભાઈ ભુડીયા, કિશોરભાઈ પીંડોરીયા, હરીભાઈ આહીર તથા સર્વશ્રી અગ્રણીઓ તેમજ ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.

# સાંકળચંદ પટેલ યુનિવર્સિટી, વિસનગર દ્વારા "રિસર્ચ મેથોડૉલોજી" પર વર્કશોપનું આયોજન

કમલમ્ ન્યુઝ,

સાંકળચંદ પટેલ યુનિવર્સિટી, વિસનગર દ્વારા૯ મી સપ્ટેમ્બરના રોજ એ .બી.વી.પી ના (સ્ટુડન્ટ્સ ફોર હોલિસ્ટિક ડેવલપમેન્ટ ઓફ હ્યુમેનિટી) પ્રકલ્પના સહયોગથી "રિસર્ચ મેથોડૉલોજી" પર વર્કશોપનું આયોજન કરવામાં આવ્યું હતું. પ્રો.રમાશંકર દુબેસેન્ટ્રલ યુનીવર્સીટી ઓફ ગુજરાત યુનિવર્સિટીના માનનીય કુલપતિ,ડો.જે.જે. વોરા,H.NG.U, પાટણના માનનીય કુલપતિ ડો. સી.એન. પટેલ, ડીન, ફાર્મસી ફેકલ્ટી, જીટીયુ આ વર્કશોપમાં વિખ્યાત મહેમાનો તરીકે ઉપસ્થિત રહ્યા હતા.ઉપસ્થિત મહેમાન શ્રીઓં એ વર્તમાન સમય માં રિસર્ચ નું મહત્વ,પેટન્ટ ફાઈલીંગ,પ્લ્ગેરીઝમ,વિષયો પર પોતાનું માર્ગદર્શન પૂરું પાડ્યું હતું. વર્કશોપનું સંકલન સેન્ટર ઓફ રિસર્ચ એન્ડ ઈનોવેશન CRIટીમ અને SPUના એ .બી.વી.પી સ્વયંસેવકો દ્વારા કરવામાં આવ્યું હતું. યુનિવર્સિટીના પ્રેસિડેન્ટ શ્રી પ્રકાશ પટેલ, ડો. ડી.જે. શાહ, પ્રોવોસ્ટ, ડો. પી.કે.પાંડે, રજીસ્ટ્રાર, સીઆરઆઈના ટીમ લીડર ડો. થંગાદુરાઈ એન,ડો. ઉજાશકુમાર શાહડિન(CRI) વર્કશોપના સફળ આયોજન માટે સેન્ટર ફોર રિસર્ચ એન્ડ ઈનોવેશન ટીમ અને શોધ પ્રકલ્પ, એબીવીપીના સ્વયંસેવકોની પ્રશંસા કરી હતી.



# વૈષ્ણવાચાર્ય પૂજ્ય શ્રી વ્રજરાજકુમારજી મહારાજશ્રીની અધ્યક્ષતામાં વી.વાય.ઓ. ઓસ્ટ્રેલિયા ના તત્વાવધાનમાં sydney, Melbourne અને Adelaide મા શ્રીનાથજી હવેલી નિર્માણ થશે

કમલમ્ ન્યુઝ,

વિશ્વભરમાં we serve happiness ના સૂત્રને સાથે કાર્યરત તેમજ ધર્મસેવા સાથે માનવસેવા સમાજસેવા અને રાષ્ટ્ર સેવા અર્થે તત્પર પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ સંપ્રદાયની સર્વ પ્રથમ આંતરરાષ્ટ્રીય સંસ્થા વલ્લભ યુથ ઓર્ગેનાઈઝેશન ના સંસ્થાપક શ્રી વલ્લભ કુલભૂષણ વૈષ્ણવ આચાર્ય પૂજ્ય શ્રી વ્રજકુમારજી મહોદય હાલમાં વલ્લભ યુદ્ધ ઓર્ગેનાઈઝેશન ઓસ્ટ્રેલિયા દ્વારા આયોજિત વિવિધ પ્રેરણાસભર કાર્યક્રમો અર્થે ઓસ્ટ્રેલિયા ના સીડની મેલબોર્ન તથા અડેલેઈડે ખાતે વિવિધ કાર્યક્રમોમાં સંમેલિત થયા હતા

કોરોનાકાળ બાદ જાહેર કાર્યક્રમોમાં સર્વ પ્રથમ ઓસ્ટ્રેલિયા ખાતે શ્રી વ્રજરાજકુમારજી મહારાજ શ્રી ની મંગલ પધરામણી થી ઓસ્ટ્રેલિયા સ્થિત ભાવિકજનો અને ભારતીય સમુદાયના અનેરા ઉત્સાહ અને આનંદની લાગણી વ્યાપી હતી અને સૌએ હર્ષભેર પૂજ્યશ્રી નું ભવ્ય સ્વાગત અને અભિવાદન કર્યું હતું. ત્યારે પૂજ્યશ્રીના મંગલ સાનિધ્યમાં સીડની મેલબોર્ન અને એડેલેઈડ ખાતે આયોજિત સત્સંગ કાર્યક્રમમાં મોટી સંખ્યામાં ભાવિકજનો ઊંચી પડ્યા હતા

પૂજ્ય શ્રી વ્રજરાજકુમારજીના આ ઓસ્ટ્રેલિયા ધર્મ પ્રચાર પ્રવાસ દરમિયાન ઓસ્ટ્રેલિયા સ્થિત ભારતીય સમુદાય એવા ભાવિકજન સમુદાયની ભાવનાઓને સન્માનિત કરીને વલ્લભ યુથ ઓર્ગેનાઈઝેશન ઓસ્ટ્રેલિયા દ્વારા સીડની મેલબોર્ન અને એડેલેઈડે માં શ્રીનાથજી હવેલી નું નિર્માણ કરવાનું જાહેરાત કરવામાં આવી હતી સીડની વ્રજધામ હવેલી સંકુલ મેલબોર્ન વેસ્ટ માં શ્રીનાથ ધામ હવેલી સંકુલ અને એડેલેઈડે માં શ્રી કૃષ્ણ ધામ સંકુલ નિર્માણ સાકાર થશે.

અત્રે ઉલ્લેખનીય છે કે સીડની શહેરમાં સૌથી વધુ ભારતીય જન સમુદાય વસવાટ કરે છે અને સૌની ભાવસભર લાગણીઓને વાંચા આપતા વલ્લભ યુથ ઓર્ગેનાઈઝેશન ઓસ્ટ્રેલિયા દ્વારા વ્રજધામ હવેલી સંકુલ આવનાર સમયમાં નિર્માણ પામશે ત્યારે પૂજ્ય શ્રી મહારાજ શ્રી ના આ ધર્મ પ્રચાર યાત્રા દરમિયાન મેલબોર્ન ખાતે નિર્માણ આધીન શ્રીનાથધામ હવેલી સંકુલનું જમીન સંપાદનનું કાર્ય સફળતાપૂર્વક પૂર્ણ થયું હતુ અને આપ શ્રી એ સંકુલના નિર્માણ અર્થે જમીનનું નિરીક્ષણ પણ કર્યું હતું અને આવનારા ટૂંક સમયમાં સૌ ભાવિકજનો સંકુલથી અનેક પ્રકારે લાભાનવિક બનશે એવી લાગણી વ્યક્ત કરી હતી

# સાંકળચંદ પટેલ યુનિવર્સિટી દ્વારા નવરાત્રી નિમિત્તે ઝરૂખો એક્ઝિબીશન- ૨૦૨૨







કમલમ્ ન્યુઝ,

સાંકળચંદ પટેલ યુનિવર્સિટી સાથે સંલગ્ન શ્રીમતી. એસ. બી. પટેલ ઈન્સ્ટિટયૂટ ઓફ બિઝનેસ મેનેજમેન્ટ દ્વારાતારીખ૧૩, ૧૪, ૧૫ સપ્ટેમ્બર,૨૦૨૨ના રોજ ઝરૂખો એક્સીબિશન-૨૦૨૨નું આયોજન કરવામાં આવેલ છે. આ એક્સીબિશનમાં બી.એસ.સી ફેશન ડિઝાઈનિંગનીવિદ્યાર્થીનીઓદ્વારા હેન્ડમેડ (હાથ થી બનાવેલ) વિવિધ પ્રકારનીજ્વેલરી (ઓક્સોડાઈસ જવેલરી,ફેબ્રિક જ્વેલરી,વુડનજવેલરી),ડિઝાઈનર ચણિયાચોળી , ડિઝાઈનર કપડાં અને ડેકોરેશન કરેલી તેમજ હાથ થી પેઈન્ટિંગ કરેલ પૂજાની થાળી, કળશ વગેરે વસ્તુઓ બનાવીને મૂકવામાં આવશેતોવિદ્યાર્થીનીઓનોઉત્સાહ વધારવા વિસનગરની જાહેર જનતાને મુલાકાત લેવા સાદર આમંત્રણ છે.

# કચ્છમાં પાણીના મૂલ્યને સમજીને દરેક ખેડુત ડ્રીપ ઈરીગેશન પધ્ધતિ અપનાવે – વિધાનસભા અધ્યક્ષશ્રી ડો.નીમાબેન આચાર્ય

## મેઘપરના એડમંડ ડેમની જળરાશિનું પૂજન કરીને વિધાનસભા અધ્યક્ષાશ્રીએ સિંચાઇ માટે કેનાલમાં પાણીની પધરામણી કરાવી : ૩૦૦ ખેડુતોને મળશે સિંચાઇનો લાભ



કમલમ્ ન્યુઝ,ભુજ,

મેઘપર ગામ પાસેના એડમંડ ડેમનું સમારકામ અને ઉંડાઈ વધારવા સહિતની કામગીરી કરાતા આ વરસાદી સિઝનમાં ડેમ બે વાર ઓગની ગયા બાદ સિંચાઈ માટે કેનાલમાં પાણી છોડવાની કામગીરી આજે વિધાનસભા અધ્યક્ષાશ્રી ડો.નીમાબેન આચાર્યના હસ્તે કરવામાં આવી હતી. આ પ્રસંગે તેમણે સિંચાઈનો લાભ મેળવનારા ૩૦૦થી વધુ ખેડુતોને પાણીના વ્યયથી બચવા ફરજિયાત ડ્રીપઈરીગેશન પધ્ધતિથી પીયત કરવા અનુરોધ કર્યો હતો. એડમંડ ડેમ ખાતે યોજાયેલા જળરાશિ પૂજન તથા કેનાલમાં પાણીના પધારામણા કાર્યક્રમમાં મોટી સંખ્યામાં મેઘપર ગ્રામવાસીઓ તથા આસપાસના વિસ્તારના ખેડુતો હાજર રહ્યા હતા. આ પ્રસંગે વિધાનસભા અધ્યક્ષાશ્રીનું મેઘપર સ્વામિનારાયણ મંદિરના સાંખ્યયોગી બહેનોએ આર્શીવચન આપીને સ્વાગત કર્યું હતું.આ પ્રસંગે વિધાનસભા અધ્યક્ષાશ્રીએ સંબોધન કરતા જણાવ્યું હતુંકે, આ ડેમનું નવું નામ ગ્રામજનોએ તથા સંતોએ સરદાર સરોવર કચ્છ એવું પાડ્યું છે તો આજથી જ આ નામથી ડેમને સંબોધિત કરતા જણાવુ છે કે, ગ્રામજનોની માંગણી મુજબ આગામી સમયમાં ડેમની કેપેસીટી વધારવાની કામગીરી અંતર્ગત ૨ મીટર ઉંચાઈ વધારવાનું કામ કરાશે. તેમણે એડમંડ સિંચાઈ પિયત સહકારી મંડળીને હજુ વધુ કિસાનો સિંચાઈનો લાભ મેળવે તે રીતનું આયોજન કરવા જણાવ્યું હતું. તેમણે ઉમેર્યુ હતું કે, કચ્છને ફાળવેલા નર્મદાના વધારાના પાણીની ૪ લીંક કેનાલનું ટુંકસમયમાં ખાતમુહૂર્ત કરાશે. જેનાથી ડેમ-તળાવ ભરવામાં આવશે.

તેમણે નર્મદાના પાણીને કચ્છ સુધી પહોંચાડવા અથાગ પ્રયાસ કરનારા વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીને યાદ કરતા જણાવ્યું હતું કે, કચ્છને એક બાળક તરીકે તેમણે ઉછેર્યુ છે. ત્યારે નર્મદાના પાણી તથા વરસાદી પાણીનો વ્યય ન થાય તે જોવાની જવાબદારી કચ્છીઓની છે. તેમણે પ્રધાનમંત્રીશ્રીના જન્મદિને દરેક વ્યકિત એક વૃક્ષ અથવા ગામ દિઠ ૫ હજારથી વધુ વૃક્ષો વાવવાનો સંકલ્પ લેવા સર્વેને અનુરોધ કર્યો હતો. કચ્છમાં વરસાદને વધારવા જમીન વૃક્ષાચ્છાદિત કરવી જરૂરી હોવાથી દરેક કચ્છીઓ પાણી અને વૃક્ષોનું મહત્વ સમજે તે જરૂરી હોવાનુ તેમણે જણાવ્યું હતું. આ પ્રસંગે પદાધિકારી, અધિકારી તથા સૌ ગ્રામજનોએ ડેમના કાંઠે વનભોજન કરીને પ્રકૃતિનો આનંદ માણ્યો હતો. આ પ્રસંગે જિલ્લા પંચાયત પ્રમુખશ્રી પારૂલબેન કારા, તાલુકા પંચાયત પ્રમુખશ્રી મંજુલાબેન ભંડેરી, આગેવાનશ્રી ભીમજીભાઈ જોધાણી, હરીભાઈ આહિર, ગોવિંદભાઈ હાલાઈ, ગોવિંદભાઈ પટેલ, શાન્તાબેન પટેલ, માવજીભાઈ હિરાણી, શીવજીભાઈ હાલાઈ, મેઘપર ઉપસરપંચશ્રી મંજુબેન હાલાઈ ,મયંકભાઈ તથા મોટીસંખ્યામાં ગ્રામજનો હાજર રહ્યા હતા.

# પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીની આગેવાનીમાં ભારત દેશ વિશ્વગુરૂ બનવા જઈ રહ્યો છે - વિધાનસભા અધ્યક્ષાશ્રી ડો.નીમાબેન આચાર્ય

## ડબલ એન્જિનની સરકારે કચ્છમાં વિકાસના કામો જેટગતિએ કર્યા છે જિલ્લા પંચાયત અધ્યક્ષશ્રી પારૂલબેન કારા

### નારાણપર(રાવરી)ખાતે રૂા. ૧૯.૨૨ કરોડના ખર્ચે આકાર લેનારી ભુજ ભાગ-૨ જુથ પાણી પુરવઠા(સુધારણા) યોજનાનું વિધાનસભા અધ્યક્ષશ્રી ડો.નીમાબેન આચાર્યેના હસ્તે ખાતમુહૂર્ત કરાયું



કમલમ્ ન્યુઝ,ભુજ,

પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીએ ભારતની શાસનધુંરા સંભાળ્યા બાદ દેશનો વિકાસ અકલ્પનીય રીતે થઈ રહ્યો છે. વડાપ્રધાનશ્રીની આગેવાનીમાં ભારત દેશ વિશ્વગુરૂ બનવા જઈ રહ્યો છે. દરેક નાગરીકોની જરૂરીયાતને ધ્યાને રાખીને સરકારે વિવિધ યોજનાઓ અમલી બનાવી છે જેનાથી સુખાકારીમાં વધારો થયો છે. તેવું નારાણપર(રાવરી)ખાતે ભુજ ભાગ-૨ જુથ પાણી પુરવઠા(સુધારણા) યોજનાનું ખાતમુહૂર્ત કરતા વિધાનસભા અધ્યક્ષાશ્રી ડો.નીમાબેન આચાર્યે જણાવ્યું હતું. ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ દ્વારા સંચાલિત થનારી રૂા. ૧૯.૨૨ કરોડની આ યોજના થકી ૪૧ ગામ અને ૧૨ પરાને પીવાના પાણીનો સીધો લાભ મળશે. આ યોજનાનું ખાતમુહૂર્ત કરતા વિધાનસભા અધ્યક્ષાશ્રીએ જણાવ્યું હતું કે, નલ સે જલ યોજના વડાપ્રધાનશ્રી દ્વારા અમલી કરાયા બાદ લોકોની પીવાના પાણીની સમસ્યા હળવી બની છે. કચ્છમાં હાલ નર્મદાના પાણી છેવાડાના ગામડા સુધી મળી રહ્યા છે. આ યોજના સાકાર થયા બાદ આ વિસ્તારના ૪૧ ગામ, ૧૨ પરાને ફાયદો થશે. આ પ્રસંગે તેમણે નર્મદાના વધારાના પાણી કચ્છને મળતા ખેતી સમૃધ્ધ થશે તેવું જણાવતા ઉમેર્યુ હતું કે, પાણી યોજના હેઠળ અગાઉ માત્ર નાગરીકોની જરૂરીયાત ગણીને આયોજન કરાતું હતું. પરંતુ હવેથી પશુઓને ૧૦૦ લીટર અને મનુષ્યને ૧૦૦ લીટર એમ જથ્થો ફાળવાશે. કચ્છમાં પશુઓની સંખ્યા વધારે હોવાથી આ માંગણી પણ પુર્ણ કરાઈ છે. તેમણે ટુંકસમયમાં રસ્તાના રીસર્ફેસીંગ તથા નવીનીકરણનું કામ પણ હાથ ધરાશે તેવું જણાવ્યું હતું. આ પ્રસંગે જિલ્લા પંચાયત અધ્યક્ષાશ્રી પારૂલબેન કારાએ જણાવ્યું હતું કે, ડબલ એન્જિનની સરકાર થકી કચ્છનો વિકાસ જેટગતિએ થયો છે. વિવિધ યોજનાઓ અમલી બની છે જેનો મહત્તમ લાભ લેવા તેમણે લોકોને અપીલ કરી હતી. નલ સે જલ ઉપલબ્ધ થતાં ખાસ કરીને મહિલાઓને બેડામાંથી મુક્તિ મળી છે, તેવું જણાવતા તેમણે વડાપ્રધાનશ્રીકચ્છ પ્રત્યે અપાર સ્નેહ ધરાવતા હોવાથી તાજેતરમાં પીએમ કચ્છ આવ્યા ત્યારે જે રીતે લાખો કચ્છીઓએ સભામાં ઉપસ્થિત રહીને અપાર પ્રેમ આપ્યો તે બદલ તેમણે સૌનો આભાર વ્યકત કર્યો હતો. આ કાર્યક્રમમાં વિવિધ ગામના સરપંચ હાજર રહીને વિધાનસભા અધ્યક્ષશ્રી ડો.નીમાબેન આચાર્યનું ખાસ સન્માન કર્યું હતું. આ પ્રસંગે તાલુકા પંચાયત પ્રમુખશ્રી મંજુલાબેન ભંડેરી, જિલ્લા પંચાયત સદસ્યશ્રી કુંવરબેન મહેશ્વરી, તાલુકા પંચાયત સદસ્યશ્રી પુરબાઈ વેકરીયા, રમેશદાન ગઢવી, નારણપર (રાવરી)સરપંચશ્રી ધનબાઈ પીંડોરીયા, નારણપર(પસાયતી)ના સરપંચ રમીલાબેન માતંગ , આગેવાનશ્રીઓમાં ભીમજીભાઈ જોધાણી, હરીભાઈ આહિર, હિતેશભાઈ ખંડોલ, સુરેશભાઈ જોષી તથા પાણી પુરવઠા બોર્ડના ચીફ ઈજનેર પકંજભાઈ નાગર, કાર્યપાલક ઈજનેર દિનેશભાઈ રામાનુજ, સુમિટોના જનરલ મેનેજર કિરણભાઈ ચાંદવાણી તથા સર્વ ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.

•Printer/Publisher/Owner &Editor: Mahesh N.Patel. •Printed At :-CaptialOffset 801/1, Gi.d.c.,Sector-28 Gandhinagar,Gujarat-382028 •Published -At A-3,Plot No R-13, TanishqComplex, NewGreencity, Sector-26, Gandhinagar(Gujarat) 382028